# ઇન્ડિયન નોલેજ સિસ્ટમ પર IITમાં સ્ટડી કરી શકાશે

## પ્રાચીન ભારત સમયમાં યુઝ થતી ટેક્નોલોજી વિશે એક્સપર્ટ વાત કરશે

સિટી રિપોર્ટર cbamdavad@gmail.com

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઈઆઈટી) ગાંધીનગર દ્વારા ઈન્ડિયન નોલેજ સિસ્ટમ થીમ પર 9 જાન્યુઆરીથી સેમેસ્ટર કોર્સનો પ્રારંભ થશે. આ સેમેસ્ટર કોર્સમાં કોણ પણ વ્યક્તિ 15 જાન્યુઆરી સુધી રજીસ્ટ્રેશન કરાવીને એડમિશન મેળવી શકશે. આ કોર્સ ડિઝાઈન કરવા પાછળ આઈઆઈટી ગાંધીનગરનો મેઈન ઉદેશ્ય લોકો ભારતમાં રહેલા નોલેજ વિશે જાણે અને પ્રાચીન ભારતની સંસ્કૃતિમાં રહેલું નોલેજ સ્પ્રેડ કરે તે રાખવામાં આવ્યું છે. આ કોર્સમાં રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ ફીમાં વિકમાં બે દિવસ આઈઆઈટી-જીએન કેમ્પસ ખાતે સ્ટડી કરી શકાશે.

### ઇન્ડિયન નોલેજ સિસ્ટમ કોર્સ વિશે

ઈન્ડિયન નોલેજ સિસ્ટમ પર બેઝ આ કોર્સમાં પ્રાચીન ભારત સમયમાં યુઝ થતી ટેક્નોલોજી વિશે એક્સપર્ટ આવીને વાત કરશે. હડપ્પા સમય દરમિયાન થતા ટાઉન પ્લાનિંગ, સિવિલ એન્જીનિયરીંગ, કન્ટ્રક્શન ટેક્નિક જેવા વિવિધ પાસાઓને આ કોર્સમાં આવરી લેવામાં આવશે.

**Title:** Indian Knowledge System can be studied at IIT
**Source:** City Bhaskar (Pg. no. 02)
**Date:** 08-01-2019